# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-01-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઇટ જાહેર કરાઇ

**રામસર સ્થળોમાં બે નવા જળપ્લાવિત ક્ષેત્ર ઉમેરવાની જાહેરાત કરી છે. તેમાં કચ્છ જિલ્લામાં છારી-ઢંઢ અને ઉત્તરપ્રદેશના ઈટાહ જિલ્લામાં પટના પક્ષી અભયારણ્યનો સમાવેશ થાય છે. આ અંગે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું, કે દેશના ૨૧% વેટલેન્ડ સાથે ગુજરાત અગ્રેસર છે. પર્યાવરણ સુરક્ષા ક્ષેત્રે ગુજરાત માટે આ ગૌરવની બાબત છે.**

**આ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ખુશી વ્યક્ત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આ જિલ્લાઓના સ્થાનિક નાગરિકો તેમજ જળભૂમિ સંરક્ષણ પ્રત્યે ઉત્સાહી તમામ લોકોને અભિનંદન આપ્યા હતા.**

**છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટ જાહેર કરવામાં આવતા ગુજરાતમાં રામસર સાઈટની સંખ્યા પાંચ પર પહોંચી છે. કચ્છી ભાષામાં 'છારી' એટલે ક્ષારવાળી અને 'ઢંઢ' એટલે છીછરું સરોવર. અંદાજે ૨૨૭ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું આ વેટલેન્ડ રણ અને ઘાસના મેદાનની વચ્ચે એક અદભૂત નિવસનતંત્ર ધરાવે છે. વર્ષ ૨૦૦૮ માં તેને ગુજરાતનું પ્રથમ 'કન્ઝર્વેશન રિઝર્વ' જાહેર કરવામાં આવ્યું હતું.**

**છારી-ઢંઢ ખાતે પક્ષીઓની ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાયેલી છે. શિયાળા દરમિયાન અહીં સાઇબેરિયા, મધ્ય એશિયા અને યુરોપના ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ જેટલા કુંજ, મળતાવડી ટીટોડી અને ચોટીલી પેણ સ્થળાંતર કરીને આવે છે.**

રામસર સાઇટનો દરજ્જો મળવાથી છારી-ઢંઢને હવે વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ મળશે,જેનાથી કચ્છમાં ઇકો-ટૂરિઝમનો વિકાસ થશે અને સ્થાનિક રોજગારીની તકો વધશે. સાથે જ,આ વિસ્તારના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ ભંડોળ અને ટેકનિકલ સહાય મળવાનો માર્ગ પણ મોકળો થયો છે.

--------------------------------------------------------------------------------

## કોસ્ટલ સાયક્લોથોન રેલી

દેશની દરિયાઈ સીમાઓની સુરક્ષા અને રાષ્ટ્રીય એકતાના સંદેશ સાથે કચ્છના ઐતિહાસિક લખપતથી શરૂ થયેલી 'વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન રેલી' જામનગરના જોડિયા ખાતે આવી પહોંચી હતી. ૬૫ સાહસિક યુવાનોની આ રેલી લખપતથી કેરળના કોચીન સુધીનું અંદાજે ૩૫૦૦ કિલોમીટરનું અંતર સાયકલ દ્વારા કાપશે.

જોડિયામાં CISF ના જવાનો અને શાળાની બાળાઓ દ્વારા લાઠી પ્રદર્શન, યોગ અને માનવ પિરામિડ જેવા શૌર્યપૂર્ણ નિદર્શનો સાથે રેલીનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. CISF ના ડેપ્યુટી કમાન્ડન્ટ સંદીપ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, આ રેલી તટીય ગામોની સમસ્યાઓ સમજવા અને સ્થાનિક લોકોમાં દરિયાઈ સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવા માટેનો એક મહત્વનો સેતુ છે. આ કાર્યક્રમે સમગ્ર પંથકમાં દેશભક્તિની લહેર જગાવી છે.

--------------------------------------------------------------------------------

## કેન્દ્રીય બજેટ અંગે નિષ્ણાતોની ચર્ચા

ભુજમાં રોટરી ફ્લામિંગો દ્વારા આગામી કેન્દ્રીય બજેટ અંગે નિષ્ણાતોની પેનલ ચર્ચા યોજાઈ હતી. બજેટ સમીક્ષક અરુણભાઈ વચ્છરાજાની અને સીએ હાર્દિક ઠક્કરે આ બજેટ યુવાલક્ષી, રોજગારલક્ષી અને નિકાસને વેગ આપનારું હોવાની ધારણા વ્યક્ત કરી હતી. ચર્ચામાં જીડીપી વૃદ્ધિ, કાર્બન ક્રેડિટ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સામે સ્કિલ્ડ માનવ સંસાધન તૈયાર કરવા પર ભાર મૂકાયો હતો. ઉપસ્થિત ચાર્ટડ એકાઉન્ટન્ટોએ  આવકવેરામાં રાહત, ટેક્સ

રિફંડના નિયમોમાં સરળીકરણ અને વૈશ્વિક સ્થિતિને જોતા સંરક્ષણ બજેટમાં વધારો થવાની શક્યતા દર્શાવી હતી

---

## ભુજ – મુંબઇ વચ્ચે સ્પેશિયલ ટ્રેન

કચ્છમાં ચાલી રહેલા રણોત્સવ અને પ્રવાસીઓના ભારે ધસારાને જોતા રેલવે તંત્રએ ભુજ અને મુંબઈ (બાંદ્રા) વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનના ફેરા ફેબ્રુઆરીના અંત સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. પ્રવાસીઓના સારા પ્રતિસાદને કારણે રેલવેએ આ ટ્રેનની મુદત બીજી વખત વધારી છે.

શેડ્યૂલ મુજબ, બાંદ્રા-ભુજ ટ્રેન દર ગુરુવાર અને શનિવારે મુંબઈથી ઉપડશે. જ્યારે વળતી મુસાફરીમાં ભુજ-બાંદ્રા ટ્રેન દર શુક્રવાર અને રવિવારે સાંજે 5:40 કલાકે ભુજથી રવાના થશે. ફેબ્રુઆરી મહિનામાં આ ટ્રેન બંને તરફથી 7-7 ફેરા કરશે જેનાથી પ્રવાસીઓની સુવિધામાં વધારો થશે.

---

## હવામાન

છેલ્લા કેટલાક દિવસોથી હાડ થીજવતી ઠંડીના જોરમાં આજે ઘટાડો નોંધાયો છે. લઘુત્તમ તાપમાનમાં થયેલા વધારાને કારણે જિલ્લાવાસીઓને કાંતિલ ઠંડીમાંથી રાહત મળી છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન 12.8 ડિગ્રી નોંધાતા ફરી રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું હતું. ભુજમાં 14.6 અને કંડલામાં 15 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ છે. હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાક બાદ લઘુત્તમ તાપમાનમાં 3થી 5 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવતા આગામી દિવસોમાં ફરી ઠંડી વધશે તેવી શક્યત છે.

---

## પોલીસ સેવાના અધિકારીઓ માટે નવા નિર્દેશો

કેન્દ્ર સરકારમાં પોલીસ મહાનિરીક્ષક-**IGP** તરીકે પોસ્ટિંગ માટે લાયક બનવા સરકારે ભારતીય પોલીસ સેવા-**IPS**ના અધિકારીઓ માટે પોલીસ અધિક્ષક-**SP** અને નાયબ પોલીસ મહાનિરીક્ષક-**DIG** રેન્કનો બે વર્ષનો કેન્દ્રીય અનુભવ ફરજિયાત બનાવ્યો છે. આ સંદર્ભે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્ય સરકારોના તમામ મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નિર્દેશ **2011** બેચ પછીના **IPS** અધિકારીઓને લાગુ પડશે.

---------------------------------------------------------------------------------------------

## દિવ્યાંગો માટે વાહન અર્પણ

ગુરુ વાલરામના શતાબ્દી મહોત્સવ નિમિત્તે નલિયા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જખૌના ભાનુશાલી દાતા દ્વારા અંધજન મંડળ સંચાલિત કે.સી.આર.સી. કેન્દ્રના દિવ્યાંગો માટે વિદ્યાલય વાહન અર્પણ કરાયું હતું. અબડાસા તાલુકામાં કેસીઆરસી દ્વારા દિવ્યાંગ બાળકો માટેના કેન્દ્રમાં અભ્યાસ કરતા આજુબાજુના ગામડાઓના આશરે **20** બાળકને લાવવા-લઇ જવા વાહનની જરૂરિયાત હોતાં ડાઈબાઇ દામજી ગોવાળિયા તરફથી તેમના પુત્ર વીર દામાના જન્મદિન નિમિત્તે સંસ્થાને વાહન અર્પણ કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------